ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/ ૩૯૪૩-૯૬

(ઈ.નં. ૪૧૩૭૧)

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૭/૦૫/૨૦૨૧

પ્રતિ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ ૨૦૨૧ બાબત.
સંદર્ભઃ- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- GUJCOST/NCSC/2021-22/582 તા. ૦૭/૦૫/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સમગ્ર દેશમાં રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસનું આયોજન કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ એન.સી.એસ.ટી. દ્વારા યોજવામાં આવે છે. રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ ૨૦૨૧ પ્રોજેક્ટ કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ તરફથી પુરસ્કૃત કરેલ છે. સદર પ્રોજેક્ટને ગુજરાત સરકારના શિક્ષણ ખાતાએ માન્ય કરેલ છે. આ પ્રોજેક્ટમાં ૧૦ થી ૧૭ વય જુથના બાળકોને ઓનલાઇન માધ્યમથી ભાગ લેવાનો રહેશે.

આ પ્રવૃત્તિ ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર જે રાજ્ય કોર્ડિનેટર છે. વર્ષ ૨૦૨૧ નો વિષયઃ Science for Sustainable Living (નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન) છે અને તેના ૫ પેટા વિષયો છે. ગુજરાત રાજયના વિદ્યાથીઓ, વાલીઓ, શિક્ષકો અને સગઠનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિમાં નીચેની બાબતો ધ્યાને લઈ શાળાઓ ભાગ લઈ શકે છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જિલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટનો સંપર્ક કરવાનો રહેશે.

(૧) પરિસ્થિત અને સરકારશ્રીના આદેશ અનુસાર આ કાર્યક્રમની સમયની અનુકુળતા પ્રમાણે ઓનલાઇન/ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે.
(૨) આ પ્રવૃત્તિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થુ અને ટી.એ (ફકત ગુજરાત રાજય પ્રવાસ પુરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે.
(૩) આ પ્રવૃત્તિમાં પસંદ કરાયેલ શિક્ષકોને જરૂરી પ્રવાસ કરવો પડે તો ફક્ત (ગુજરાત રાજ્યમાં) તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે.
(૪) રાજ્ય કક્ષામાંથી પસંદ થયેલ વિદ્યાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાજય સ્તર અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે અને તેનો ખર્ચ યજમાન રાજ્ય ભોગવશે.
(૫) આ કાર્યક્રમમાં ભાગ લેતા શિક્ષક ને વિદ્યાર્થીઓએ કોવિડ-૧૯ની ભારત સરકાર/ ગુજરાત સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.
(૬) આ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ગુજરાતના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તે માટે શાળાના ઉત્સાહી, શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે અને તેનો લાભ શળાના બાળકોને મળે તે અંગેનું વતાવરણ શાળામાં ઉભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

બિડાણઃ- ઉપર મુજબ

GUJCOST
INWARD
No. 375
Dt. 17 MAY 2021
Br.

(ડૉ. એમ.આઇ.જોષી)
નિયામક પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

નકલ રવાનાઃ-
- સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭ મો માળ, બહુમાળી ભવન, સેકટર-૧૧, ગાંધીનગર

Scanned with CamScanner